## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ડુંગળી અને પેટ્રોલના ભાવ સરખા થઈ ગયા માટે... એક દિવસ પેટ્રોલ ભરાવવાનું અને એક દિવસ ડુંગળી લાવવી...

# કોબા પાસે અજાણી કારે બાઈકને ટક્કર મારતા માતા-પુત્રને ઈજા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા સર્કલ પાસે અજાણી કારના ચાલકે બાઈકને અડફેટે લેતા માતા-પુત્રને ઈજા પહોંચી છે. અમદાવાદ ખાતે બંન્ને જઈ રહ્યા હતા તે સમયે અકસ્માત સર્જાયો હતો. માર્ગ પર પટકાતા બંન્ને ઈજા થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જયારે કાર ચાલક અકસ્માત કરીને નાસી છુટ્યો હતો. જયારે બીજા બનાવમાં રાંદેસણ પાસે કાર ચાલકે લોડીંગ રીક્ષાને ટક્કર મારતા આધેડને ઈજા પહોંચી છે. બનાવ અંગે અજાણી કારના ચાલક સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૮ બ્લોક નં. ૬-૧૦ ખાતે રહેતા અનિલ પિતાંબરભાઈ ચાવડા (ઉં.૩૭) જુના સચિવાલય ખાતે એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. શનિરવારના રોજ સાંજના સુમારે માતાને બાઈક પાછળ બેસાડીને અમદાવાદ ખાતે રહેતા મોટાભાઈના ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારે કમલમથી કોબા સર્કલ તરફ એક કારના ચાલકે બાઈકને પાછળના ભાગથી ટક્કર મારી હતી. જેથી માતા-પુત્ર નીચે પટકાયા હતા.અકસ્માતની જાણ ફરીયાદીના મોટાભાઈને થતા ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને માતા અને ભાઈને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જયાં ફરીયાદીના માતાને ખબાના ભાગે ફ્રેકચર થયાનું નિદાન થતા સારવાર હેઠળ છે.

જયારે બીજા બનાવમાં અમદાવાદ બહેરામપુરા ખાતે રહેતા લક્ષ્મણભાઈ હુસાજી સરગડા ફેરી કરીને કપડાનો વેપાર કરે છે. તા.૫ નવેમ્બરના રોજ તેઓ ગાંધીનગર રાંદેસણ વિસ્તારમાં વેપાર માટે આવ્યા હતા. ફેરી કરીને તેઓ પરત ફરતા સમયે સીટી પલ્સ ખાતે ઉભા રહ્યા હતા. ત્યારે માર્ગ પર આવી રહેલી લોડીંગ રીક્ષાને તેઓએ હાથ કરીને ઉભી રખાવી હતી. આ સમયે જી.જે.૧૮.બી.એચ.-૧૦૩૨ નંબરની કારના ચાલકે લોડીંગ રીક્ષાને પાછળથી ટક્કર મારી હતી. અને ફરીયાદીને પણ ટક્કર વાગી હતી.

જેથી અકસ્માતમાં નીચે પટકાયેલા ફરીયાદીને ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જયાંથી તેઓને અમદાવાદ વાડીલાલ ખાતે એડમીટ કરાયા હતા. જયારે ફરીયાદીને ડાબા પગે ઢાંકણીના ભાગે ફ્રેકચર થતા આ અંગે તેઓએ કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાલુ માસના ત્રીજા સપ્તાહમાં ગુજરાતની મુલાકાતે આવે તેવા સંકેતો મળતાં તંત્રમાં તેની ધીમી ગતિએ તૈયારીઓ આરંભાઈ છે.
- બેંક ઓફ બરોડાની વિધાનસભા શાખામાં નવ જેટલા કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ નવમાંથી ૮ કર્મચારીઓ અમદાવાદથી અપ-ડાઉન કરતા હોવાનું જણાયુ છે.
- ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્ર કોઈક દબાણ હેઠળ કામ કરતુ હોય તેવુ આજે તેની કોરોનાની વિગતો આપતી પ્રેસનોટમાં છતુ થાય છે.
- ગાંધીનગર શહેરમાં હજુ ફટાકડા બજારમાં પણ ઘરાકી જોવા મળતી નથી.
- ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાની હદ નિયત કરતુ જાહેરનામુ વિકાસ કમિશનરની કચેરી દ્વારા એકાદ સપ્તાહમાં જાહેર થશે તેવા સંકેતો મળી રહ્યા છે. ગાંધીનગર કલોલ અને માણસા તાલુકાના ગામોને સમાવવા માટેનો પ્રસ્તાવ સામાન્ય સભાએ કર્યો હતો અને મહેસુલ વિભાગે જાહેરનામુ પણ પ્રસિદ્ધ કર્યુ હતુ.

# કલોલમાંથી વરલી-મટકાનો જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૮

કલોલ શહેર ખાતે વરલી મટકાનો જુગાર રમતા ૭ શખ્સોને એલસીબી-૧ પોલીસે દબોચી લીધા છે. પોલીસે શખ્સો પાસેથી વરલીને લગતુ સાહિત્ય, રૂ.૧૪ હજારના ૧૪ મોબાઈલ તેમજ રોકડ રૂ.૨૩,૮૭૦ મળી કુલ રૂ. ૩૭,૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે બીજીતરફ દહેગામ શહેરમાંથી પણ વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોને એલસીબી પોલીસે દબોચી લીધા હતા. પોલીસે રોકડા રૂ.૧૩,૬૭૦ અને વરલી મટકાનું સાહિત્ય કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરુ કરી છે.





ગાંધીનગર જિલ્લામાં પ્રોહી-જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સુચના આપતા એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ તેમજ સભ્યો તે દિશામાં કાર્યરત હતા. ત્યારે એલસીબીની ટીમ કલોલ ખાતે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહને બાતમી મળી હતી કે કલોલ શહેરમાં રામજી માસ્તરની ચાલીમાં રણછોડભાઈ રબારીની ઓરડીમાં લીસ્ટેડ ગેમ્બલર ચંદ્રકાન્ત ઉર્ફે ચંદો ચીનુભાઈ શાહ અન્ય વ્યકિતઓ સાથે મળીને વરલી મટકાનો આંક લખીને પૈસા લઈ હારજીતનો જુગાર રમાડી રહ્યો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ તાત્કાલીક અસરથી રેઈડ પાડતા ઓરડીમાંથી વરલી મટકાનો મુખ્ય સુત્રધાર ચંદ્રકાંત ઉર્ફે ચંદો ચીનુભાઈ શાહ (રહે.સમર્પણ ફલેટ સીંદબાદ હોટલ સામે કલોલ), કિરીટકુમાર હરીશચંદ્ર દવે (રહે.શેઠવાસ, પાંચ હાટડી બજાર કલોલ), રસિકલાલ જીવણલાલ શાહ (ઉં.૬૭





રહે.એસ.બી. પ્રજાપતિ સોસાયટી બ્લોક નં.૧૦ સૈજપુર બોઘા નરોડા), શીવલાલ મેઘજીભાઈ પટેલ (રહે.મગનલાલ ભરવાડના મકાનમાં રામદેવપીર ટેકરા જુના વાડજ), વિપુલ અમૃતલાલ શાહ(રહે.સી-૧૦૭ શાંતીધામ એપાર્ટમેન્ટ ડી.કેબીન ચાંદખેડા અમદાવાદ),પંકજ મંગળદાસ ત્રિવેદી (રહે. ૫૪ વિલાસનગર સોસાયટી, કલાપીનગર અસારવા),જીતેન્દ્ર અરૂણભાઈ પાટીલ (રહે.રામજી માસ્તરની ચાલી કલોલ)ને વરલી મટકાનો જુગાર રમતા પકડી પાડ્યા હતા. એલસીબીએ તમામ શખ્સો સામે કલોલ શહેર પોલીસ મથકમાં ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં એલસીબી પીએસઆઈ વાય.વાય.ચૌહાણ તેમજ ટીમના સભ્યો દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ વિપુલ રામભાઈને બાતમી મળી હતી કે આશિષ હોટલની પાછળ ખાડામાં વરલી મટકાનો જુગાર ચાલી રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડીને વરલી મટકાનો જુગાર રમાડતા જગદીશ સવજીભાઈ જોષી (રહે.વેરાઈ માતાના મંદિરની સામે હાટકેશ્વર મહાદેવ દહેગામ) અને કનુભાઈ શીવાભાઈ ભોઈ (રહે.પાલૈયાવાસ તા.દહેગામ)ને પકડી પાડ્યા હતા. બંને ઈસમો પાસેથી પોલીસે રોકડ રૂ.૧૩,૬૭૦ અને વરલીનું સાહિત્ય કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



સેકટર-૪નું તળાવ હવે ડમ્પીંગ સાઈડ બની ગયું છે. શહેર ભરમાંથી મકાનનો કાટમાળ તળાવમાં ઠલવાય છે. તંત્ર પણ અંધારામાં છે, નગરસેવકોને પણ ખબર નથી કે તળાવ પૂરવાનું છે કે ડેવલોપ કરવાનું છે ? અસ્પષ્ટતાઓની વચ્ચે છેલ્લા કેટલાક વખતથી વર્ષોથી છલકાતું તળાવ પુરાઈ રહ્યું છે. ચિંતાનો વિષય એ છે કે મહાનગરપાલિકા સ્પષ્ટતા કરી સાચી સ્થિતિની જાણ સેકટરના વસાહતીઓને કરે તે જરૂરી છે.

# ૯ થી ૨૩ નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે ખાસ પખવાડિયુ ઉજવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જી.સી.ઈ.આર.ટી. દ્વારા આગામી તા. ૯ થી ૨૩ નવેમ્બર-૨૦૨૦ દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ સંદર્ભે પૂર્વ પ્રાથમિક શિક્ષણ પખવાડિયાની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.

આ ઉજવણી દરમ્યાન ત્રિદિવસીય રાજયકક્ષાની ઓનલાઈન રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન તેમજ વેબિનાર્સનું આયોજન કરવામાં આવ્યું છે. ૯ થી ૧૨ નવેમ્બર દરમ્યાન ચાલનાર આ વેબિનાર્સ કોન્ફરન્સને રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખુલ્લી મુકશે.

જીસીઈઆરટીની અખબારી યાદીમાં જણાવાયા મુજબ ગિજુભાઈ બધેકા તેમજ સમકાલીન ચિંતકોનું પૂર્વ શિક્ષણમાં પ્રદાન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત બાળ-વાર્તા, પ્રવૃત્તિ અને રમતો નિહાળવા માટે પણ ખાસ લીન્ક પણ ઉભી કરવામાં આવી છે. રિસર્ચ પેપર ગુજરાતી, હિન્દી, અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં રજુ કરી શકાશે. ૧૦૦ થી વધુ રિસર્ચ પેપર રજુ થશે તેમ મનાઈ રહ્યુ છે.

આ ઉપરાંત આ પખવાડિયાની ઉજવણી દરમ્યાન ૧૫મી નવેમ્બર ગુજરાતના પૂર્વ શિક્ષણના પિતામહ ગણાતા ગિજુભાઈ બધેકાના જન્મદિને તેમની પ્રતિમાનું અનાવરણ પણ સંકુલમાં કરવામાં આવશે. આ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણને લઈ આવો પ્રથમવાર સેમિનાર ઓનલાઈન યોજાઈ રહ્યો હોવાથી તંત્રમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સૂરતીઓને "વોકલ ફોર લોકલ"ના મંત્ર સાથે તહેવારોની ખરીદી કરવા વડાપ્રધાનનો અનુરોધ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સુરતવાસીઓને તહેવારોની ખરીદી 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે કરવા આગ્રહભર્યો અનુરોધ કર્યો હતો. તેમાં કોઈ કોમ્પ્રોમાઈઝ નહી કરીએ. આ મંત્રને જીવનનો-પરિવારનો મંત્ર બનાવીએ તેમ ભારપૂર્વક જણાવતા વડાપ્રધાને આ દિવાળીને 'વોકલ ફોર લોકલ'ના મંત્રને ટર્નિગ પોઈન્ટ બનાવીએ તેમ કહ્યું હતું. વડાપ્રધાને કોરોના સમયમાં પૂરી સાવધાની સાથે દિવાળી પર્વ ઉજવવા શુભકામના પાઠવી હતી.

સ્થાનિક અને નાના કારીગરો, મહિલા મંડળો, નાના નાના વેપારીઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ ખરીદીને આ નાના વર્ગના તબક્કાને પણ તહેવારો ઉજવવા આર્થિક સહયોગ કરવા અને દેશના જ લોકો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની ખરીદી કરીએ તેમ વડાપ્રધાને જણાવ્યું હતું.

# ગાંધીનગરમાં ફરી ઠંડીનો ચમકારો : તાપમાન ૧૫ ડિ.સે.

ગાંધીનગર, તા. ૮

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ફરી ઠંડી વધી રહી છે. લઘુત્તમ તાપમાન ૧૫ ડિ.સે. સુધી ગગડી જતાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થાય છે. ઠંડી વધતા વસાહતીઓને ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળો ત્યારે થોડીક ગરમી અનુભવાય છે, બાકી વહેલી સવારે અને મોડી રાત્રે ખાસ્સી એવી ઠંડી અનુભવાય છે.

ગઈકાલ રાતથી પુનઃ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ઠંડીમાં ખાસ્સો એવો વધારો થયો છે. લઘુત્તમ તાપમાનમાં બે દિવસમાં જ અઢી ડિગ્રી જેટલો ઘટાડો જતાં ખુબ ઠંડી અનુભવાય છે. ગરમ વસ્ત્રો હવે બહાર કાઢવાની ફરજ પડી છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડો પવન ફુંકાય છે. બાળકો અને વડીલોને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડે છે. રાત્રીના સમયે અનુભવાતી ઠંડીએ જનજીવન પર ખાસ્સી અસર પહોંચાડી છે. રાત્રીના સમયે અંતરિયાળ સેકટરોમાં ખુબ જ સન્નાટો છવાઈ જાય છે. વહેલી સવારે જોગીંગ પર નીકળતા વસાહતીઓને જેકેટ કે સ્વેટર પહેરવુ પડે છે. સુસવાટા મારતા ઠંડા પવનોના કારણે ગરમ કાનટોપી કે રૂમાલ બાંધવો પડે છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે દિવાળી સુધીમાં હજુ ઠંડીમાં ખાસ્સો એવો વધારો થશે. દિન પ્રતિદિન ઠંડીમાં વધારો થઈ શકે છે. હવામાન વિભાગના મતે હાલ ગુજરાતમાં ઉત્તર-પૂર્વ દિશાનો પવન ફુંકાઈ રહ્યો છે. જેના કારણે એકાદ-બે દિવસમાં ઠંડી અને ધુમ્મસમાં વધારો થઈ શકે છે. પવનોની દિશા બદલાતા ઉત્તર ગુજરાતના મોટા ભાગના શહેરોમાં ઠંડી વધી હતી. રાજ્યના અન્ય શહેરોમાં કે જ્યાં સરેરાશ લઘુત્તમ તાપમાન ઓછુ નોંધાયુ તેમાં નલિયા ૧૫.૨, અમદાવાદ-૧૭ ડિ.સે., ડીસા ૧૬.૮, અમરેલી-૧૭, કેશોદ-૧૭.૨, પોરબંદર ૧૮.૪, આણંદ ૧૮.૬, સુરેન્દ્રનગર ૧૮.૮, ભાવનગર ૧૯, ભૂજ ૧૯.૮ તાપમાન નોંધાયુ છે.

# "રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ" : સમાધાન એ વિશ્વનો સર્વોત્તમ અને સૌથી તંદુરસ્ત વકીલ





- ગૌતમ પુરોહિત

ભાગદોડના જીવનમાં બે પળ માટે જરા વિચારો કે ક્યાંય કોઈ તમારા અધિકારોને તમારાથી દૂર તો નથી કરી રહ્યું ને?... કોઈ તમારો ન્યાય તો છીનવાઈ રહ્યો નથી ને?... જો અત્યાર સુધી તમે વિચાર્યુ ન હોય તો હવે વિચારો... વિચારવાનો આ દિવસ છે. પ્રતિવર્ષ ૯મી નવેમ્બરે લિગલ સર્વિસિઝ ડે એટલે કે રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે લોકોને તેમના મૌલિક અધિકારો અંગે જાગૃત કરવામાં આવે છે. ભારતીય સંવિધાનની ધારા ૩૯-એ માં પ્રત્યેક રાજ્યનું કર્તવ્ય છે કે તે તેના તમામ નાગરિકોને સમાન ન્યાયિક સુવિધાઓ પ્રદાન કરાવે. આ સાથે સંવિધાનમાં એ બાબત પર પણ જોર આપવામાં આવ્યું છે કે સમાજના પ્રત્યેક વર્ગને જાતિ, ધર્મ અને વર્ણ જોયા વિના ન્યાય મળે. રોટી, કપડાં અને મકાન એ ભારતની ત્રણ બુનિયાદી આવશ્યકતા છે જે વ્યક્તિને જીવવાના અધિકારની રક્ષા કરે છે. આજના આધુનિક યુગમાં આ ત્રણ આવશ્યકતા ઉપરાંત શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર પણ મહત્વપૂર્ણ છે. ભારતની ન્યાયિક વ્યવસ્થામાં ઘણાં લોકો ન્યાયની પહોંચથી દૂર છે. એક તરફ ન્યાયાધિશોની અછત છે તો બીજી તરફ અદાલતોમાં કેસોની સંખ્યાનો ઢગલો થઈ રહ્યો છે. સરકારોએ ગ્રામ્ય ન્યાયાલય, લોક અદાલત, ગ્રાહક અદાલત જેવા ઉપાયો આ કેસોને હળવા કરવા માટે કર્યા છે પરંતુ કેટલાક કારણોથી અદાલતોમાં આજે પણ લાખો કેસો પડતર છે.

**અધિકાર અને ન્યાય માટે જરા પણ વિલંબ કર્યા વિના ન્યાયિક સુવિધાનો લાભ લેવો જોઇએ**

**● રાજ્યોમાં પણ સત્તામંડળ કે સમિતિ હોય છે...**

ભારતના પ્રત્યેક નાગરિકને નિષ્પક્ષ અને ન્યાય પ્રક્રિયા પ્રદાન કરવાના હેતુથી રાષ્ટ્રીય ન્યાય સેવા દિવસ ઉજવવામાં આવે છે જેની શરૂઆત પહેલીવાર ૧૯૯૫માં સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવી હતી. આ દિવસનો ઉદ્દેશ સમાજના ગરીબ અને કમજોર વર્ગોને સહાયતા અને સમર્થન આપવાનો છે. આ સાથે ભારતમાં નેશનલ લિગલ સર્વિસિઝ ઓથોરિટીની રચના પણ કરવામાં આવેલી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ આ ઓથોરિટીના મુખ્ય સંરક્ષક હોય છે અને ભારતની સર્વોચ્ચ અદાલતના બીજા વરિષ્ઠ ન્યાયાધિશ તેના કાર્યકારી અધ્યક્ષ હોય છે. આ ઓથોરિટીનું કાર્ય દેશભરમાં કાનૂની સહાયતા કાર્યક્રમ અને યોજનાઓ લાગુ કરવા માટે રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દિશાનિર્દેશ જાહેર કરે છે. રાજ્યમાં પણ જિલ્લા અને કાનૂની સહાયતા સત્તામંડળની રચના કરવામાં આવેલી હોય છે. આ સત્તામંડળ સુપાત્ર લોકોને મફતમાં કાનૂની સહાયતા પ્રદાન કરે છે અને વિવાદોને ઉકેલવામાં લોક અદાલતોનું સંચાલન કરે છે.

**● વિનામૂલ્યે કાનૂની મદદ કોણ લઇ શકે...**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (નાલસા) માં મહિલાઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવેલી છે. જે મહિલાઓ કાયદાની આંટીઘૂંટીને સમજી શકતી નથી તેમને રક્ષણ મળે છે અને તેના અધિકારની લડાઈ તે લડી શકે છે. સંવિધાનમાં સૌને સમાન ન્યાયનો સિદ્ધાંત અમલી છે પરંતુ બધાં લોકો ન્યાય મેળવવા કોર્ટના દ્વાર ખખડાવી શકતા નથી. તેમની પાસે વકીલને આપવાની ફી પણ હોતી નથી. આ સત્તામંડળ જરૂરિયાતમંદોને મફતમાં કાનૂની સેવા પુરી પાડે છે. વિનામૂલ્યે કાનૂની સેવા મેળવવા માટે ચોક્કસ વ્યક્તિ હક્કદાર બને છે. જે વ્યક્તિ અનુસૂચિત જાતિ કે જનજાતિના હોય છે, સ્ત્રી અથવા તો બાળક, માનસિક રીતે બિમાર વ્યક્તિ, માનવોના ગેરકાયદે વેપારનો ભોગ બનેલી વ્યક્તિ કે ઔદ્યોગિક કામદારનો તેમાં સમાવેશ થાય છે. આ યોજના હેઠળ સામૂહિક વિનાશ, જાતીય હિંસા, જાતીય અત્યાચાર, પૂર, દુકાળ, ધરતીકંપ, હિરાસતમાં રહેલો વ્યક્તિ, ઔદ્યોગિક સંકટ જેવા અનિચ્છનિય સંજોગોનો ભોગ બનેલી વ્યક્તિ લઈ શકે છે. જે વ્યક્તિને કાનૂની સહાય જોઈ તો હોય તેઓ જિલ્લા કે તાલુકા ન્યાયાલયમાં અથવા તો રાજ્યકક્ષાની સેવા સમિતિનો સંપર્ક કરી શકે છે. સામાન્ય રીતે કોઈપણ પ્રકારની દીવાની, મહેસૂલી, મજૂર, ઔદ્યોગિક અદાલત કે પંચ સમક્ષ દાખલ કરવાના થતાં દાવા, ફરિયાદ, અરજી, અપીલ અથવા તો કોઈપણ કેસમાં વિનામૂલ્યે કાનૂની સહાય આપવામાં આવતી હોય છે. રાજ્યમાં જે સમિતિઓ કે સત્તામંડળ છે તેમનીપાસે કાયદાના નિષ્ણાંત વકીલની પેનલ હોય છે. નિર્દેશ વ્યક્તિના કેસની તમામ પ્રક્રિયાનો ખર્ચ સેવા સમિતિ કે સત્તામંડળ ભોગવે છે.

**વિનામૂલ્યે કાનૂની સહાય મેળવવા માટે સત્તામંડળ અને સમિતિઓ પ્રત્યેક જિલ્લા-તાલુકામાં છે**





**● રાજ્યની નીચલી અદાલતોમાં પડતર કેસો...**

ગુજરાત હાઈકોર્ટમાં રાજ્ય કાનૂની સેવા સત્તામંડળની નવી ઈમારત ગયા વર્ષે જ બનાવવામાં આવી છે. આ સત્તામંડળથી રાજ્યમાં લાખો લોકોને વિનામૂલ્યે લાભ મળ્યો છે. રાજ્યમાં ૧૯૯૮માં આ સત્તામંડળની સ્થાપના કરવામાં આવી હતી. નેશનલ લિગલ ડેટાગ્રીડના આંકડા પ્રમાણે--- દેશની નીચલી અદાલતોમાં ૯૭.૬૫ લાખ સિવિલ કેસ અને ૨.૫૯ કરોડ ક્રિમિલન કેસ મળીને કુલ ૩.૫૭ કરોડ કેસ પડતર છે. બીજી તરફ ગુજરાતમાં ૪,૫૦,૫૧૭ સિવિલ અને ૧૩,૪૮,૧૦૪ ક્રિમનલ મળીને કુલ ૧૭,૯૮,૬૨૧ કેસો પડતર છે. રાજ્યમાં શૂન્ય થી એક વર્ષ સુધીના પડતર કેસોની સંખ્યા ૮.૪૫ લાખ છે. એક થી ત્રણ વર્ષના પડતર કેસોની સંખ્યા ૪.૨૩ લાખ છે, જ્યારે છેલ્લા ૩૦ વર્ષથી પડતર કેસોની સંખ્યાનો આંકડો ૪૮૭૨ જોવા મળે છે. એટલે કે જે કેસો પડતર તરીકે નોંધાયેલા છે તેમાં એક વર્ષની અંદરના કેસોની સંખ્યા ૪૭.૦૧ ટકા જેટલી છે. બીજાક્રમે એક થી ત્રણ વર્ષના કેસો ૨૩.૫૭ ટકા જોવા મળી છે. જે ગંભીર કેસો નથી અને જેના ઉકેલમાં માત્ર મધ્યસ્થીની આવશ્યકતા છે તેવા કેસો લોક અદાલત જેવા માધ્યમથી ઝડપથી ઉકલી શકે છે અને અદાલતોમાં કોર્ટના કેસોનું ભારણ ઘટે છે. સમગ્ર દેશ સાથે ગુજરાતમાં પણ ન્યાયિક પ્રક્રિયામાં કેસોના ઘટાડાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

**● ગુજરાતમાં આવક મર્યાદા એક લાખ...**

**લિગલ ડેટા ગ્રીડ પ્રમાણે ગુજરાતની નીચલી અદાલતોમાં ૧૭.૯૮ લાખ જેટલા કેસો પડતર છે**

ગુજરાતમાં વિનામૂલ્યે કાનૂની સહાય મેળવવા માટે જે હક્કદાર છે તેમાં દેશના અન્ય રાજ્યોની જેમ વ્યક્તિની વાર્ષિક આવક મર્યાદાને ધ્યાનમાં લેવામાં આવેલી છે. દેશમાં આંધ્રપ્રદેશ, આસામ, ગોવા, હરિયાણા, ઝારખંડ, કેરાલા, મહારાષ્ટ્ર, મણીપુર, ઓરિસ્સા, સિક્કીમ, તામિલનાડુ, ઉત્તરાખંડ, આંદામાન નિકોબાર અને ચંદીગઢમાં વાર્ષિક આવક મર્યાદા ત્રણ લાખ રૂપિયા છે જ્યારે ગુજરાતમાં એક લાખ રૂપિયા નિશ્ચિત કરવામાં આવ્યા છે. એટલે કે વાર્ષિક એક લાખથી વધુ આવક હોય તો તે વ્યક્તિ વિનામૂલ્યે કાનૂની સહાય મેળવવાને પાત્ર બનતો નથી. દેશના વિભિન્ન રાજ્યોમાં આવક મર્યાદા અલગ અલગ જોવા મળે છે. ગુજરાતમાં જિલ્લા કક્ષાની ૩૧ અને તાલુકાકક્ષાની ૨૩૯ સમિતિઓ કાર્યરત છે જે વિનામૂલ્યે કાનૂની સહાય આપી રહી છે.

**● સૌથી ઝડપી ન્યાય એટલે લોક અદાલતો...**

રોબર્ટ લુઈસ સ્ટિવ્હન્સને કહ્યું છે કે સમાધાન એ વિશ્વનો સર્વોત્તમ અને સૌથી તંદુરસ્ત વકીલ છે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા રચાયેલા લોક અદાલતો એ સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે એટલું જ નહીં અરજદાર અને ન્યાય વચ્ચેનો સલામત સેતુ છે. લોક અદાલત એક એવો મંચ છે કે જ્યાં ન્યાયાલયોમાં વિવાદ, પેન્ડીંગ કેસો અને પહેલાના કેસોની સ્થિતિથી સંકળાયેલા મામલામાં સૌહાદપૂર્વક ઉકેલ લાવવામાં આવે છે. કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમ ૧૯૮૭ અંતર્ગત લોક અદાલતને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો છે. લોક અદાલત પાસે આવેલા વિવાદો તેમજ પેન્ડીંગ કેસોમાં ઉકેલને એક વૈધાનિક નિર્ણય માનવામાં આવે છે કે જે અંતિમ હોય છે અને તમામ પક્ષકારોને અસરકર્તા હોય છે. લોક અદાલત દ્વારા કરવામાં આવેલી તમામ કાર્યવાહી ન્યાયિક માનવામાં આવે છે અને તેના દ્વારા આપવામાં આવેલા કોઈપણ આદેશ સામે અપીલ કરી શકાતી નથી.